# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/103 Dt. 20/08/2025

તંત્રીશ્રી, ________________________,સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ટેરિફ કી ઐસી કી તૈસી!! તમે વેપાર પર ધ્યાન આપો!

## ચેમ્બરના ઉપક્રમે ‘લોકલથી ગ્લોબલ-આયાત-નિકાસના રહસ્યો’ ઉજાગર કરતો રસપ્રદ સેમિનાર યોજાયો, જેમાં અનુભવી નિકાસકાર અમિત મુલાનીએ ઘણી ટ્રિક્સ શીખવી

**દક્ષિણ ગુજરાતના વેપારી સમુદાયને આંતરરાષ્ટ્રીય વેપારની એવી ટ્રિક્સ જાણવા ને સમજવા મળી ને સમજાયું કે ગમે તે વિકટ સ્થિતિ હોય, *કોઈ સરહદ ના ઈન્હે રોકે*: ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસી**

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના એસજીસીસીઆઈ એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરે સોમવાર, તા. ૧૮ ઓગષ્ટ, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે "ફ્રોમ લોકલ ટુ ગ્લોબલ-અનલોક ધ સિક્રેટ્સ ઑફ એક્સપોર્ટ-ઇમ્પોર્ટ" શીર્ષક હેઠળ એક વિશિષ્ટ સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ અત્યંત રસપ્રદ અને માહિતીસભર સત્રમાં નિકાસકારો, એમએસએમઇ, ઉદ્યોગસાહસિકો, વ્યાવસાયિકો અને આંતરરાષ્ટ્રીય વેપારની દુનિયામાં પ્રવેશવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો..

અનુભવી નિકાસકાર, આંતરરાષ્ટ્રીય વેપાર નિષ્ણાત અને કોર્પોરેટ ટ્રેનર શ્રી અમિત મુલાનીએ આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે આંતરરાષ્ટ્રીય વેપારની આંટીઘૂંટીઓ શીખવી હતી. વ્યવહારુ ઉદાહરણો દ્વારા, શ્રી મુલાનીએ વૈશ્વિક વેપારની જટિલતાઓ પર પ્રકાશ પાડ્યો અને આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં સફળ થવા માટે ઓછી જાણીતી એવી વ્યૂહરચનાઓ છતી કરી હતી.

અમેરિકા દ્વારા લાદવામાં આવેલ ટેરિફની ચિંતાઓ દૂર કરતા તેમણે કહ્યું કે તમારે એની ચિંતા કરવાની જરૂર નથી, એ સરકાર ફોડી લેશે, તમે વેપાર પર, ગુણવત્તા પર ધ્યાન આપો. સરસ ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે પુલવામા હુમલા બાદથી ભારત-પાકિસ્તાન વચ્ચેનો વેપાર સ્થગિત છે પણ ડેટા બતાવે છે કે પ્રતિબંધ હોવા છતાં આ વેપાર હજી ચાલુ જ છે. ઘણો વેપાર ત્રીજા દેશો ખાસ કરીને દુબઈ અને યુએઈ મારફત થાય અને ત્યાંથી એની ફરી નિકાસ કરવામાં આવે છે. મુદ્દો એ જ કે આ પાછલા બારણાંનો વેપાર છે જે રાજદ્વારી અંતરાયો સામે પણ માર્કેટ ફોર્સની સ્થિતિસ્થાપકતા દર્શાવે છે. તેમણે ભાર મૂક્યો કે આવી વ્યૂહરચનામાં જોખમો ઘટાડવા માટે ભાગીદારોની ચોક્સાઈપૂર્વકની ચકાસણી અને આંતરરાષ્ટ્રીય નિયમનોનું પાલન જરૂરી બની રહે છે.

આ ઉદાહરણ દ્વારા અમેરિકી ટેરિફનો સામનો કેવી રીતે કરવો એ સમજાવતા શ્રી મુલાનીએ ભારતીય નિકાસકારો માટે ટેરિફની અસરોને ખાળવા અથવા ઘટાડવા માટે અસરકારક રીતો સમજાવી હતી.

આવી જ એક વ્યૂહરચના સમજાવતા તેમણે કહ્યું કે ફ્રન્ટલોડિંગ શિપમેન્ટ -ટેરિફ વધારો અમલમાં આવે તે પહેલાં નિકાસને ઝડપી બનાવવી, જેમ કે એપ્રિલ અને જુલાઈ 2025 વચ્ચે યુ.એસ.માં ભારતીય નિકાસમાં 21 ટકાનો વધારો જોવા મળ્યો છે. અન્ય નવીન અભિગમમાં યુએસ ફોરેન ટ્રેડ ઝોન (એફટીઝેડ)નો લાભ લેવાનો સમાવેશ થાય છે, જ્યાં તાત્કાલિક ટેરિફ ચૂકવણી વિના માલનો સંગ્રહ, પ્રક્રિયા અથવા એસેમ્બલ કરી શકાય છે. ટ્રમ્પે ફાર્મા અને ઈલેક્ટ્રોનિક્સને ટેરિફથી બાકાત રાખ્યા એ જ બતાવે છે કે અમેરિકાને ભારતની ગરજ છે. વધુમાં, મુલાનીએ યુ.એસ.ના ખરીદદારો સાથે ત્રિપક્ષીય સોદા, મુક્તિ અથવા ઘટાડા માટે સ્માર્ટ વાટાઘાટો, ઓછી ડ્યુટી લાગે એ માટે ઉત્પાદનોમાં મૂલ્ય સંવર્ધન અને યુ. એસ. પર નિર્ભરતા ઘટાડવા માટે બજારોમાં વિવિધતા લાવવા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, આ પદ્ધતિઓથી સંભવિત 10-15% ટેરિફ વધારાને આરામથી પહોંચી વળી શકાય, એટલું જ નહીં પરંતુ વેપારની અનિશ્ચિતતા સામે લાંબા ગાળાની સ્થિતિસ્થાપકતા પણ મળે છે.

તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય વેપારનાં મુખ્ય રહસ્યોમાં ખર્ચાળ વિલંબને ટાળવા માટે કસ્ટમ્સ અને નિયમનકારી પાલનમાં નિપુણતા, વેપાર મેળાઓ અને ડિજિટલ સાધનો જેવા પ્લેટફોર્મ દ્વારા ચકાસાયેલ ખરીદદારો સાથે મજબૂત નેટવર્કનું નિર્માણ અને ચલણના વધઘટ અને જોખમો સામે રક્ષણ માટે મજબૂત નિકાસ આયોજનનો અમલ સામેલ છે.

શ્રી મુલાનીએ સમજાવ્યું કે આંતરરાષ્ટ્રીય વેપારમાં કાર્યક્ષમતા તુલનાત્મક લાભોમાંથી ઉદ્ભવે છે. તેમણે ઓછી જાણીતી વ્યૂહરચનાઓ પર પણ વાત કરી, જેમ કે શિપિંગમાં સ્પષ્ટ જવાબદારી માટે ઇન્કોટર્મ્સ (ઈન્ટરનેશનલ ચેમ્બર ઑફ કોમર્સે નક્કી કરેલી શરતો)નો ઉપયોગ કરવો, સુરક્ષિત ચૂકવણીઓ માટે લેટર ઑફ ક્રેડિટ જેવા વેપાર નાણાકીય સાધનોનો ઉપયોગ કરવો અને પ્રેફરેન્શિયલ ટેરિફ મેળવવા માટે મુક્ત વેપાર કરારો (એફટીએ) પર સતત અપડેટ રહેવું.

આ સેમિનારમાં વાસ્તવિક વૈશ્વિક ખરીદદારોને ઓળખવાની અને ચકાસવાની રીતો, ભારતીય નિકાસકારોને ઉપલબ્ધ સરકારી પ્રોત્સાહનો અને નિકાસ લાભો સમજવા, કસ્ટમ્સ, શિપિંગ અને લોજિસ્ટિક્સ પડકારોને સરળતાથી પાર પાડવા અને ભારતીય ઉત્પાદનોની સતત વધતી વૈશ્વિક માગને ઓળખવા જેવા મુદ્દાઓ પર રસપ્રદ છણાવટ કરવામાં આવી.

આ સેમિનારની ફળશ્રુતિ અંગે ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કહ્યું કે ટેરિફની ચિંતાઓ વચ્ચે આ સેમિનારે નવા અને જૂના નિકાસકારોમાં નવું જોમ ભરવાનું કામ કર્યું છે. બોર્ડર ફિલ્મના લોકપ્રિય ગીતની પંક્તિઓ ટાંકતા શ્રી મદ્રાસીએ કહ્યું કે સેમિનારમાં ભાગ લેનારાઓને સમજાયું કે ભલે ગમે તે થાય... *પંછી, નદીયાં, પવન કે ઝોંકે અને વેપાર...કોઇ સરહદ ના ઈન્હે રોકે!*